ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા.૨૫/૦૮/૨૦૨૦

જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૭૩/૨૦૨૦/જીસીએસ/૧૦/૨૦૨૦/૧૧૫/છ

પ્રસ્તાવના:

ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૭૪ સી (૨) (૧) મુજબ નિર્દિષ્ટ સહકારી મંડળીઓ માટે તેમજ ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૭૪ (૧-ગ) (૧) ની જોગવાઇ મુજબ અન્ય સહકારી મંડળીઓ માં વ્યવસ્થાપક કમિટીના ચુંટાયેલા સભ્યો અને તેના હોદ્દેદારોના હોદ્દાની મુદ્દત, ચુંટણીની તારીખથી પાંચ વર્ષની રહે છે.ગુ.સં.મં અધિનિયમની કલમ-૭૪ સી (૨) (૪) તથા કલમ-૭૪ (૧-ગ) (૨) મુજબ વ્યવસ્થાપન કમિટીના ચુંટાયેલા સભ્યો ની અવધિ પાંચ વર્ષ પુર્ણ થયા તારીખથી હોદ્દો ધરાવતા બંધ થશે તેવી જોગવાઈ હોવાના કારણે જે સહકારી મંડળીઓમાં ચુંટણીની તારીખ થી પાંચ વર્ષ પુર્ણ થઈ ગયેલ હોય અને નવી વ્યવસ્થાપક સમિતિની રચના ન થયેલ હોય તેવી મંડળીઓમાં કોઇ જ વ્યવસ્થાપક સમિતિ કાયદાકીય રીતે રહી શકે નહી.

સરકારશ્રીના તા.૨૪/૦૪/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૪૩/૨૦૨૦/જીસીએસ/૧૦/૨૦૨૦/૧૧૫/છ થી નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સહિત તમામ મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની મુદ્દત તા.૩૧/૦૭/૨૦૨૦સુધી લંબાવવામાં આવેલ હતી. નિર્દિષ્ટ સહકારી મંડળીઓની ચુંટણીઓયોજવા ઓછામાં ઓછો ૪૫ દિવસનો સમય ચુંટણી જાહેર કર્યા તારીખથી થાય છે તથા તેના સભાસદો ની સંખ્યા વધારે હોય છે અને કાર્યક્ષેત્ર પ્રમાણમાં મોટું હોય છે. હાલમાં રાજ્યમાં કેટલાક વિસ્તારોને માઈક્રો કન્ટેઇનમેન્ટ અને કન્ટેઇનમેન્ટ ઝોન જાહેર કરેલ છે. આથી ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સહિત તમામ મંડળીઓની વ્યવસ્થાપક કમિટીની મુદ્દત સંદર્ભેની બાબત સરકારશ્રીના વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનુ જાહેરનામુ બહાર પાડવામાં આવે છે.

જાહેરનામુ:

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમની કલમ-૧૬૧ હેઠળ મળેલ સત્તા અન્વયે અધિનિયમની કલમ -૭૪ સી (૨) (૪) અન્વયે નિર્દિષ્ટ સહકારી મંડળીઓ તથા કલમ-૭૪ (૧-ગ) (૨) અન્વયે અન્ય તમામ સહકારી મંડળીઓની હાલમાં ચાલુ વ્યવસ્થાપક કમિટીઓને ઉપરોક્ત જોગવાઈમાંથી મુક્તિ આપી વ્યવસ્થાપક કમિટીઓની મુદ્દત તેની ચુંટણીની તારીખ સુધી અથવા તા.૩૧/૧૨/૨૦૨૦ સુધી તે બે પૈકી જે વહેલુ હોય ત્યાં સુધી લંબાવવાનો નિર્ણય કરવામાં આવે છે.

વધુમાં જે નિર્દિષ્ટ સહકારી મંડળીઓ સહિત અન્ય તમામ મંડળીઓની ચુંટણી પ્રક્રિયા ન્યાયિક હુકમ/ચુકાદાના અનુસંધાને હાથ ધરાયેલ હોય કે પરવાની રહેતી હોય તે સહકારી મંડળીઓને આ જાહેરનામાં માંથી બાકાત રાખવાનો પણ રાજ્ય સરકાર નિર્ણય કરે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અતુલ એન. પટેલ)

નાયબ સચિવ

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ